RAN-2101002502010003

# RAN-2101002502010003

## S.Y.B.A. (External) Examination March - 2026
## Gujarati Foundation Course : Bhasha Sahitya Kaushalya and Pratyayan Kaushalaya Krut-Prashisht Navlikao (Part-II)

**Time: 3 Hours ]** **[ Total Marks: 100**

| સૂચના : / Instructions | Seat No.: |
|---|---|
| (1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book. | Student's Signature |

**પ્ર-1.** પન્નાલાલ પટેલ, ઉમાશંકર જોશી, ચુનીલાલ મડિયા પૈકી કોઈપણ એક સાહિત્યકારનું પ્રાકૃતિક ભૂગોળની દ્રષ્ટિએ જીવન કવનનો પરિચય કરાવો. **20**

**પ્ર-2.** 'પ્રશિષ્ઠ નવલિકાઓ ભાગ 2' વાર્તા સંગ્રહમાંથી જાતિયતાને આલેખતી વાર્તાઓની વિશિષ્ટતાઓ દર્શાવો. **20**

**અથવા**

'મા ને ખોળે', 'એક મગની બે ફાડ', 'અંતઃ સ્રોતા' વાર્તાઓની વિગતે સમીક્ષા કરો. **20**

**પ્ર-3. અ)** ઈન્ડિયન પેટ્રોકેમિકલ કંપની લિમિટેડના સેક્રેટરી તરીકે કામદારોની ભરતી અને સગવડ વધારવા ની માંગણી કરતો પત્ર ચેરમેનશ્રીને લખો. **10**

બ) વારંવાર ચેતવણી આપ્યા છતાં ખાતું ઓવર ડ્રો કરતા ગ્રાહકને ચેક પરત કરતો કડક ચેતવણી આપતો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, વલસાડ તરફથી પત્ર લખો. **10**

**અથવા**

અ) ગેરહાજર ડિરેક્ટરને બોર્ડની સભામાં લેવાયેલા મહત્વના નિર્ણયોની જાણ કરતો પત્ર લખો. **10**

બ) પોતાની મરજી વિરુદ્ધ ખાતામાંથી નાણા ઉપડી જતા ખાતું શીલ કરવા બેંકને વિનંતી કરતો ગ્રાહકનો પત્ર લખો. **10**

**પ્ર-4. અ)** વીમાદારનું મૃત્યુ થયું હોય એ પોલિસીની રકમ માટે વારસદાર તરીકે ભારતીય જીવન વીમા નિગમને લખો. **10**

બ) નવી શિક્ષણનીતિ અંગે માર્ગદર્શક સૂચનો કરતું શિક્ષણમંત્રીનું પ્રવચન તૈયાર કરો. **10**

**અથવા**

અ) પોલિસીની રકમ પર મેડિક્લેમનો દાવો કરનાર મહિલાને જીવન વીમા નિગમ તરફથી પ્રતિકૂળ ઉત્તર પાઠવો. **10**

બ) કોલેજ આચાર્ય તરફથી છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને વિદાય આપતું પ્રવચન તૈયાર કરો. **10**

**પ્ર-5. અ) ટૂંક નોંધ લખો. (ગમે તે એક)** **06**

1) 'લોહીની સગાઈ' વાર્તામાં અમૃત કાકીની મનોવેદના.

2) 'સુખ દુઃખના સાથી' વાર્તાની સમીક્ષા કરો.

**બ) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. (ગમે તે એક)** **04**

1) 'બધે અંધારું થઈ ગયું છે, કશું દેખાતું નથી શું શું લાવ્યો છે?

2) 'ખાનારા કયા ઓછા રૂપાળા છે, તે ગોળ રૂપાળો ન રંધાય?''

**ક) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ આપો.**

1) સમાનાર્થી શબ્દો લખો (ગમે તે બે) અચલ, કિરણ, ગરીબ, તેજ **02**

2) વિરુધાર્થી શબ્દ લખો.(ગમે તે બે) આકર્ષણ, રાજાશાહી, દુર્જન, કાયર **02**

**ડ) નીચેના વિષય પર સંવાદ લેખન કરો.** **06**

શું પસંદ કરશો? સ્વદેશી વસ્તુઓ કે વિદેશી?

**અથવા**

**નીચેના ફકરાનો ત્રીજા ભાગનો સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.**

''શિક્ષણ અને સંસ્કારને કશો સંબંધ ખરો કે નહિ, એવો પ્રશ્ન વારંવાર થાય છે શિક્ષણ અને સંસ્કાર વચ્ચે ગાઢ સંબંધ હોવો જોઈએ. શિક્ષણે વ્યક્તિને સંસ્કારી બનાવવી જોઈએ એમ આપણે સ્વીકારીએ પણ ઘણીવાર વ્યક્તિ શિક્ષિત હોવા છતાં સંસ્કારી નથી હોતી અને વ્યક્તિ સંસ્કારી હોય છતાં એના ઉચ્ચ શિક્ષણનો લાભ નહીં પણ મળ્યો હોય, સંસ્કાર ઘણીવાર લોહીમાં ઉતરી આવેલો કુટુંબગત વારસો છે. વાતાવરણથી એ પોષાય છે ને ઘડાય છે, શિક્ષણ બહારથી પ્રાપ્ત કરેલી વસ્તુ છે. શિક્ષણનો હેતુ સંસ્કારને પોષી વ્યક્તિત્વને વિકસાવી મનુષ્યનું ઓજસ વધારવાનો છે અને છતાં શિક્ષણ અને સંસ્કારનો સંબંધ અવિનાભાવી નથી બનતો જેમ શિક્ષણની સમસ્યાઓ છે તેમ સંસ્કારની પણ સમસ્યાઓ છે. મોટું આશ્ચર્ય તો એ છે કે જેમ જેમ સમાજમાં શિક્ષણ વધતું જાય છે તેમ તેમ સમાજમાંથી સંસ્કારિકતા ઓછી થતી જાય છે. આજનો શિક્ષિતવર્ગ તેમના વર્તન ઉપરથી,પેરવેશ ઉપરથી અને વાણી ઉપરથી ઓછો સંસ્કારી છે, એમ કોઈને પણ પ્રતિત થશે.''

**- કુંજવિહારી મહેતા**

---